હિંમતનગરમાં નેશનલ હાઈવે પર સતત ટ્રાફીક જામથી મુશ્કેલી

પાલિકાએ લગાવેલ ટ્રાફીક સિગ્નલ બંધ : ખરીદીમાં ભ્રષ્ટાચાર થયો હોવાની ચર્ચા : એક કલાક સુધી ટ્રાફીક જામ થઈ જતા વાહનોની લાઈનો લાગી

હિંમતનગર, તા. ૩

હિંમતનગરમાંથી પસાર થતા નેશનલ હાઈવે-૮ પર છેલ્લા કેટલાક દિવસોથી ભારે વાહનોની અવરજવર વધી રહી છે ત્યારે સોમવારે સહકારી જીન વિસ્તારમાંથી પસાર થતા આ હાઈવે પર અચાનક બે ભારે વાહુન સામસામે આવી જતા ટ્રાફીક એક કલાક સુધી જામ થઈ ગયો હતો જેના કારણે રોડની બંને બાજુનો વાહન વ્યવહાર અટકી ગયો હતો.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર સહકારી જીન વિસ્તારમાં આવેલ મેડીકલ કોલેજ તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ અને હડીયોલ જતો રોડ નિકળે છે ત્યારે સ્વાભાવિક છે કે અહી વાહનોની અવરજવર વધુ રહે. દરમિયાન આ જ વિસ્તારમાંથી નેશનલ હાઈવે-૮ પસાર થાય છે. જ્યાં દિલ્હીથી મુંબઈ તથા અન્ય સ્થળે આવતા અને જતા વાહનોથી નેશનલ હાઈવે રાત દિવસ ધમધમતો રહે છે. જેના કારણે નાના અને મોટા વાહનોની અવરજવરથી અનેક વખત રોડ ક્રોસ કરવામાં રાહદારીઓ તથા નાના વાહન ચાલકોને લાંબા સુય સુધી રોડ વચ્ચે ઉભા રહેવુ પડે છે.

તો બીજી તરફ હિંમતનગર પાલિકા દ્વારા ટ્રાફિકના નિયમન માટે લગાવાયેલ સિગ્નલો ગમે તે કારણસર ઘણા સમયથી બંધ રહે છે જેના કારણે મોતીપુરાથી સહકારી જીન સુધીના નેશનલ હાઈવે પર દોડતા વાહનોને જાણે કે ટ્રાફીકના નિયમો નડતા ન હોય તેમ તેઓ બેફામ દોડે છે. દરમિયાન સોમવારે સહકારી જીન વિસ્તારમાં આવેલ પોલીટેકનીક ચોકડી પરથી પસાર થઈ રહેલ એક મોટી ટ્રક રોડ ક્રોસ કરી રહી હતી ત્યારે સામેથી આવતી આવી જ ટ્રક આવી જતા બંને તરફનો વાહન વ્યવહાર સતત એક કલાક સુધી અટકી ગયો હતો. જેના કારણે શામળાજી અને હિંમતનગર તરફથી આવતા વાહનોની અંદાજે દોઢ કિલોમીટર સુધી વાહનોની લાઈનો લાગી ગઈ હતી. જેના કારણે અવાજ અને ધુમાડાના લીધે પ્રદૂષણની માત્રામાં અચાનક વધારો થઈ ગયો હતો જ્યારે જ્યારે આ વિસ્તારમાં ટ્રાફીક જામ થઈ જાય છે ત્યારે આસપાસના વિસ્તારમાં આવેલ સોસાયટીના રહિશોને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે તેમ છતાં નગરપાલિકાના સત્તાવાળાઓ આ ટ્રાફીક સિગ્નલો ચાલુ કરાવતા નથી.

અગાઉ નગરપાલિકા દ્વારા રૂ. ૨૪ લાખના ખર્ચે શહેરમાં વિવિધ સ્થળે ટ્રાફીક સિગ્નલ મોટા ઉપાડે લગાવી દેવાયા છે પરંતુ તેમાં સર્જાયેલી ટેકનીકલ ખામીને કારણે હજુ સુધી તે કામ આપતા નથી જેથી લોકોની એવી શંકા છે કે આ ટ્રાફીક સિગ્નલની ખરીદી જેની પાસેથી કરાઈ છે તેની સામે કેમ કોઈ પગલા લેવાતા નથી અથવા તો ખરીદીમાં ભ્રષ્ટાચાર થયો હોય તો નવાઈ પામવા જેવુ નથી.

મોડાસા ચાર રસ્તા પર ખાણી-પીણીની લારીઓ નજીક અસહ્ય ગંદકીથી પાલિકા પ્રમુખ સમસમી ઉઠ્યા

મોડાસા, તા. ૩

મોડાસા શહેરમાં ગંદકી કરવી નહિ ના બોર્ડ ઠેર ઠેર મારી દીધા છે. નગરપાલિકા તંત્ર દ્વારા વર્ષે

દહાડે સફાઈના નામે લાખ્ખો રૂપિયા ખર્ચ કરવા છતાં સેનેટરી વિભાગની બેદરકારીના પગલે ઠેર ઠેર અસહ્ય ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ સોમવારે શહેરમાં સ્વચ્છતા નિરીક્ષણ માટે નીકળતા હાર્ડ સમા ચાર રસ્તા પર ખાણીપીણીની લારીઓ નજીક અસહ્ય ગંદકી ખદબદતા દ્રશ્યો જોવા મળતા સમસમી ઉઠ્યા હતા અને સેનેટરી ઈન્સ્પેક્ટર અને સફાઈ કર્મચારીઓને ગંદકી તાત્કાલિક અસરથી દૂર કરવાની સૂચના આપી હતી.

મોડાસા શહેરમાં પ્રજાજનોના આરોગ્ય જોખમાય તેમ ઠેર ઠેર અસહ્ય ગંદકી અને ગટરો ઉભરાતા નગરજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ કાર્યભાર સાંભળ્યો ત્યારથી શહેરમાં જોવા મળતા ગંદકી અને કચરાના ઢગલા હટાવવા અને સ્વચ્છ શહેર માટે સતત પ્રયત્નશીલ જોવા મળી રહ્યા છે.

બીજીબાજુ સેનેટરી વિભાગ અને સફાઈ કામદારો ફરજ પર બેદરકારી દાખવતા હોય તેવા ગંદકી અને ગટર ઉભારવાના દ્રશ્યો શહેરમાં જોવા મળી રહ્યા છે. શહેરમાં ખાણીપીણીની લારીઓ નજીક ખદબદતી ગંદકીથી પ્રજાજનોના આરોગ્ય જોખમાઈ રહ્યા છે. સેનેટરી વિભાગ દ્વારા ખાણીપીણીની લારીઓવાળા પાસેથી હપ્તા લેવામાં આવતા હોવાની બૂમો ઉઠી રહી છે.

પોશીના તાલુકામાં છેલ્લા બે માસથી મામલતદારની જગ્યા ખાલી

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકામાંથી વિભાજન કરીને છેલ્લા ત્રણેક વર્ષથી વિભાજન થયેલા પોશીના તાલુકાની અંદર મામલતદાર કચેરીમાં મામલતદારની જગ્યા ખાલી હોઈ સત્વરે ભરવા વનવાસી બંધુઓની માંગ ઉઠવા પામી છે. અંતરીયાળ વિસ્તારની પ્રજાને માત્ર તાલુકો આપી દેતા માત્ર નામથી કાઈ વળી જતું નથીં. આ વિસ્તારમાં મોટા ભાગની વનવાસી પ્રજા આવેલી છે જેમના માટે સરકાર દ્વારા લાખો રુપિયાના ખર્ચે ઓફીસો બનાવવામાં આવી છે પણ અહીં યા સુવિધાઓથી વંચિત રહેવું પડે છે. જેથી પોશીના તાલુકાના છેવાડાથી આવતી પ્રજાની એકજ માંગ છે કે અહીંયા રેગ્યુલર મહેકમ તેમજ મામલતદારની ભરતી કરવામાં આવે. મોટાભાગની કચેરીઓમાં મહેકમ વગર ચાર્જ મા ચાલે છે સત્વરે લાગતાં વળગતાં અધીકારી નોંધ લઈ ઘટતુ કરે તેવી પ્રજાની માંગ ઉઠવા પામી છે.

બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૩

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના માણેકપુરા

પાટીયા પાસે આવેલ શ્રી બાવીસગામ તપોધન બ્રાહ્મણ સમાજની વાડી ખાતે અગિયારમો ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો જેમાં શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે સમાજના ૮૦ વર્ષથી ઉપરના વયોવૃધ્ધ અને વિશીષ્ટ વ્યક્તિઓનુ સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા સમાજસંકુલ ખાતે સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો જેમાં ચાલુ વર્ષે અવસાન થયેલ મૃતકોને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. એસએસસી, એચએસસી, કોલેજ સુધીનાં તેજસ્વી તારલાઓનું ઉપસ્થિત સમાજના મહેમાનો

આર.સી.રાવલ, કુણાલભાઈ, અર્પિતભાઈ, સમાજનાં પ્રમુખ રતિશભાઈ, શિવશકિતના ચેરમેન સુરેશભાઈ રાવલ, સમાજના મંત્રી શૈલેષભાઈ, શિવશકિતના મંત્રી વિનુભાઈ રાવલ તથા શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના પદાધિકારીઓતથા શિવશકિત મંડળના પદાધિકારીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના ૮૦ વર્ષથી ઉપરના ઉંમરના વડીલોનું પણ સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના વિશિષ્ટ વ્યક્તિઓનુ પણ સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સમાજના શિક્ષણ કન્વીનર નરહરિભાઈ રાવલ તથા સચીનભાઈ રાવલ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માજી પ્રમુખ કનુભાઈ, માજી પ્રમુખ સંજયભાઈ, માજી મંત્રી હિતેન્દ્રભાઈ માજી મંત્રી મહેશભાઈ સહિત બાવીસગામ તપોધન બ્રાહ્મણ સમાજના ભાઈ-બહેનો વિદ્યાર્થીઓ વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

ગઢોડામાં મકાનમાં આગ લાગતા નુકશાન : જાનહાની ટળી

હિંમતનગર, તા. ૩

હિંમતનગર નજીક આવેલ ગઢોડા ગામે સોમવારે વહેલી પરોઢે એક વૃદ્ધાના મકાનમાં અગમ્ય કારણોસર લાગેલી આગને કારણે ઘરવખરી સહિતની અન્ય ચીજવસ્તુઓ બળીને ખાખ થઈ જતા નુકશાન થવા પામ્યુ હતુ. જો કે આગને કારણે કોઈ જાનહાની થવા પામી નથી.

આ અંગે ગામના સરપંચ કપીલભાઈના જણાવાયા મુજબ ગઢોડા ગામની જુની પંચાયત પાસે આવેલ જાંબાવાળી ફળીમાં રહેતા મણીબેન પરમારના મકાનમાં સોમવારે વહેલી પરોઢે અચાનક ધુમાડાના ગોટા નિકળતા ગામના લોકો ભેગા થઈ ગયા હતા. ત્યારબાદ સ્થાનિક લોકોએ આગને બુઝાવવા માટે કરેલા પ્રયાસો કારગત ન નિવડતા આખરે આ અંગે હિંમતનગર ફાયર બ્રિગેડને જાણ કરાઈ હતી. ત્યારબાદ ફાયર બ્રિગેડના જવાનોએ આવી એક કલાક પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો પરંતુ મકાનમાં લાગેલી આગના કારણે ઘરવખરી તથા અન્ય ચીજવસ્તુઓ બળી ગઈ હતી સદનસિબે કોઈ જાનહાની થઈ ન હતી.

ઊંઝાના ઉપેરા ગામે મૃતકની ખોટી સહી કરી છેતરપીંડી કરાઈ

ઊંઝા, તા. ૩

ઊંઝા તાલુકાના ઉપેરા ગામે સૂચિત પરા વિસ્તાર સેવા સહકારી મંડળીના મુખ્ય પ્રયોજક અને ગામના તલાટીએ ભેગા મળી પોતાના આર્થિક તથા અંગત ફાયદા માટે મૃત વ્યક્તિઓની ખોટી સહીઓ કરી ખોટી માહિતી આપવા ખોટા સોગંદનામા તેમજ હયાતીના ખોટા પ્રમાણપત્રો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી દરખાસ્ત મંજૂર કરાવવા ઊંઝા તાલુકા પંચાયત કચેરી તથા જિલ્લા રજી. કચેરીમાં રજૂ કરવાના આરોપસર તલાટી અને તા.પં.ના સદસ્ય વિરૂદ્ધ ઊંઝા પોલીસમથકે ફરિયાદ નોંધાતા સમગ્ર તાલુકામાં ભારે ચકચાર મચી છે.

વિગત એવી છે કે ઉપેરા ગામે સેવા સહકારી મંડળી કાર્યરત હોવા છતાં ગામમાં સૂચિત ઉપેરા પરા વિસ્તાર સેવા સહકારી મંડળીની તાલુકા પંચાયત કચેરીમાં દરખાસ્ત મૂકી હતી. જે બાબતે ગત તા. ૧૪-૧૨-૧૭ના રોજ આ મંડળીના મુખ્ય પ્રયોજક બળદેવભાઈ ઈ. પટેલે સાધારણ સભા યોજી ઠરાવ કર્યો હતો. સૂચિત મંડળીનું બેંકમાં ખાતુ ખોલવવવા બાબતે દરખાસ્ત મુકનાર વ્યક્તિ તરીકે જેમનું નામ સર્વાનુમતે ઠરાવેલ તેઓ ખરેખર તા. ૭-૧૦-૧૬ના રોજ મરણ ગયેલ. આ ઉપરાંત ગામના અન્ય કેટલાક મૃત વ્યક્તિઓના નામોની ખોટી સહીઓ ખોટા ઠરાવ કરી સૂચિત મંડળીના સભાસદોની યાદી તથા ભરેલ સભ્ય ફીની રકમ દર્શાવતા પત્રકમાં છ જેટલા મૃત્યુ પામેલ વ્યક્તિઓના ટાઈપ કરેલ નામની સામે તેઓની ખોટી સહીઓ કરી દરખાસ્ત સાથે રજૂ કરેલ. સૂચિત મંડળીના મુખ્ય પ્રયોજક તેમજ બીજા મંડળીના ૧૪ જેટલા પ્રયોજક સભ્યોએ બાંયધરી પત્રક તથા એકરારનામુ કર્યુ હતુ. નોટરી દ્વારા સોગંદનામા પણ કરવામાં આવ્યા હતા.

ઉપરોક્ત બાબતે ઉપેરાના દેવેન્દ્રકુમાર બાબુલાલ પટેલની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે સૂચિત મંડળીના મુખ્ય પ્રયોજક અને તા.પં.ના સદસ્ય પટેલ બળદેવભાઈ ઈશ્વરભાઈ ઉપેરા અને ગામના તલાટી ભરતભાઈ મગનભાઈ પટેલ વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૧૦૭, ૧૯૭, ૪૬૫, ૪૬૭, ૪૭૧ અને ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અરવલ્લીમાં આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ માટે ૧૧૪ સેન્ટરો શરૂ

દેશ ના ૫૦ કરોડ જેટલા ગરીબ અને વંચિત લોકો ની સ્વાસ્થ્ય માટેની આયુષ્માન ભારત યોજના લોકોના માટે ફાયદાકારક છે. આ માટે જરૂરી આયુષ્યમાન ભારતના કાર્ડ જરૂરી છે. આ માટે અરવલ્લી જિલ્લામાં ૧૧૪ સેન્ટરો ફાળવવામાં આવ્યા છે જેથી ઝડપથી કામગીરી થાય લોકોને લાભ મળે. અરવલ્લી જિલ્લાના લોકોને આયુષ્માન ભારત કાર્ડ ઝડપથી મળી શકે એ માટે જિલ્લાના ૬ તાલુકામાં ૧૧૪ સેન્ટરો શરુ. અરવલ્લી જિલ્લા સીએસસીના ડિસ્ટ્રીક મેનેજર કૌશલભાઈ સોની અને મિહિરભાઈ પંચાલે જણાવ્યું હતું કે જિલ્લામાં ૧૧૪ સેન્ટરો પર પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-આયુષ્યમાન ભારત યોજનામાં અત્યાર સુધીમાં અરવલ્લી જિલ્લામાં ૧૨૦૦થી વધુ કાર્ડ કાઢવામાં આવ્યા છે. સાથે લોકો મોટી સંખ્યામાં આ સેન્ટરો પર આવી રહ્યા છે. ધનસુરા સેન્ટરના સંચાલક ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે લોકો પોતાના જરૂરી ડોક્યુમેન્ટ લઈ આ સેન્ટરો પર સળરતાથી કાર્ડ કઢાવી શકે છે. સેન્ટરો પર ૩૦ રૂપિયાના નજીવા ચાર્જમાં આયુષ્યમાન ભારતના કાર્ડ કાઢી આપવામાં આવે છે.

ભિલોડામાં તસ્કરોએ તરખાટ મચાવ્યો પ્રજાજનો અને વેપારીઓમાં ફફડાટ ફેલાયો

ભિલોડા,તા.૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં દિન-પ્રતિ-દિન ચોરી,લુંટ-ફાટ, હત્યા, ચેઈન સ્નેચીંગ, અપહરણ સહિત વિવિધ પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.પોલીસ

ધ્વારા પેટ્રોલીંગ વધારવાની તાતી જરૂરીયાત છે. ભિલોડા તાલુકામાં શિયાળાની ઋતુ દરમ્યાન ફુલ ગુલાબી ઠંડીનો ચમકારો દિન-પ્રતિ-દિન વધતાં તસ્કર ટોળકી સક્રીય બનતાં ચોરીઓની શરૂઆત થઈ ગઈ છે.૧ ત મધ્ય રાત્રે ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પાસે તસ્કર ટોળકીએ ચાર દુકાનોને નિશાન બનાવી દુકાનોના તાળા તોડી ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા.ધોલવાણી ત્રણ રસ્તા પાસે ચાર દુકાનોના શટરના તાળા તોડી તસ્કરોએ દુકાનની અંદર પ્રવેશ કરી સામાન વેરવિખેર કરી નાખ્યો હતો.

ધોલવાણી ત્રણ રસ્તા પાસે આવેલ ચાર દુકાનોમાંથી અંદાજીત રૂા.૨,૦૦,૦૦૦/-વધુની માલમત્તાની ચોરી કરી તસ્કર ટોળકી પલાયન થઈ ગઈ હતી. અજાણ્યા તસ્કરોએ લોખંડના હથીયાર વડે દુકાનોની શટરના તાળા તોડી વચ્ચેથી ઉંચા કરી નાખી દુકાનોની અંદર રાખેલ વાયડીંગ વાયર, કેબલ વાયર,એન્જીન ઓઈલ, ડ્રમ, પાણી ખેંચવાની મોટરો, વાઘ બકરી ચા, તમાકુ, સીગરેટના બોકસ, કરીયાણું, કાઉન્ટરમાં રાખેલા રોકડા રૂપિયા સહિત વિવિધ ચીજવસ્તુઓની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા.તસ્કરોએ ચોરી કરેલા વાયરો બુઢેલી નદી કિનારે ખાડામાં સળગાવ્યા હતા.

ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં ચાર મકાનોમાં મધ્યરાત્રે તસ્કરો ત્રાટક્યા હતા.ચાર મકાનોના દરવાજાના તાળા તોડી મકાનનોની અંદર પ્રવેશ કરી ઘરવખરીનો સામાન તસ્કરોએ રફેદફે કરી નાખ્યો હતો.મકાન માલીકો હાલના તબક્કે હાજર ન હોવાથી ચોરીનો આંકડો નક્કી થઈ શક્યો નથી તેમ ગ્રામજનો ધ્વારા જાણવા મળેલ છે.

મારણ મુકાયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તપાસ કરી રહી છે. બોરીજ રેન્જની ૨૫ જેટલા વનકર્મીઓની ટીમ પીંપળજના નદી કાંઠાના વિસ્તારમાં દિપડાને અનુલક્ષી સર્ચિંગ હાથ ધર્યુ છે. ગઈકાલે પણ દિપડાના પગમાર્ક જોવા મળ્યા હતા. જયારે આજે પણ આ જ વિસ્તારમાં ફરી એકવાર દિપડાના પગમાર્ક જોવા મળ્યા હોવાનુ પણ વનતંત્રના સુત્રાએ જણાંવ્યુ છે. જો કે દિપડાની કોઈ ભાળ મળી નથી. આજે વનતંત્ર દ્વારા દિપડાને પાંજરમાં કેદ કરવા માટે બકરીનુ મારણ પણ મુક્યુ હોવાનુ જણાંવ્યુ છે. આવતીકાલ સુધીમાં દિપડો કેદમાં હશે તેમ પણ વનતંત્રનુ માનવુ છે. ગઈકાલે રાત્રિના આ વિસ્તારમાં ફરી દિપડાની મુવમેન્ટ થઈ હાવાનુ ધ્યાને આવ્યા બાદ વનતંત્ર વધુ સજાગ બની ગયુ છે. દિપડો પુખ્ત નહીં પણ બાળ હોવાનુ પણ વનતંત્રએ જણાંવ્યુ છે. છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગર તેમજ આસપાસના ગામોમાં દિપડાએ દેખા દીધી હોવાના સમાચાર ધ્યાને આવી રહ્યા છે. ત્યારે પીપંળજમાંપણ દિપડો હોવાનુ નક્કી થતા વનતંત્રએ ગ્રામજનોને પણ આ અંગે સજાગ રહેવા જણાંવ્યુ છે. અગાઉ પાલજમાં પણ દિપડાએ દેખા દીધી હોવાની વાત ગ્રામજનો જણાંવતા હતા. જયારે પીંપળજમાં પણ અગાઉ ખેડુતોએ દિપડાને જોયો હોવાની વાત સામે આવી હતી. નદી કાંઠાના વિસ્તારમાં દુરથી આવતા દિપડા ઘુસી જતા ગ્રામજનોમાં પણ ફફડાટ વ્યાપ્યો છે. જો કે દિપડો ઝડપથી પાંજરમાં કેદ થાય તે માટે હવે મારણ મુકીને પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

પર્દાફાશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાના જણાવ્યા મુજબ આ ગુનામાં અત્યાર સુધી તેમણે ચાર આરોપીઓની ધરપકડ કરી છે. સાબરકાંઠાના બાયડ તાલુકાના અરજણવાવ માધવકંપા વિસ્તારમાં રહેતા ૪૩ વર્ષીય મનહર રણછોડ પટેલ, ગાંધીનગર કુડાસણ ખાતે આવેલી શુભ ડેવલોપરી હાઈટ સોસાયટીનાં બ્લોક નં.બી-૪૦૧ માં રહેતા અને મૂળ બનાસકાંઠાના વડગામ તાલુકાના પસવાદળ ગામના વતની ૪૮ વર્ષીય વાયરલેસ પી.એસ.આઈ પ્રેમજી વાલજી પટેલ (પી.વી.પટેલ), ગાંધીનગર શહેરના સેક્ટર ૮ ખાતે પ્લોટ નંબર-૧૦૬૭ માં શ્રીરામ હોસ્ટેલ ચલાવતી અને મૂળ ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના બિલોદરા ગામની વતની ૩૬ વર્ષિય મહિલા પદ્માવતી ઉર્ફે રૂપલ નીરજ રાજેન્દ્રપ્રસાદ શર્મા અને બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના એંદરણા ગામમાં રૂપાવટ વાસમાં રહેતા ૨૮ વર્ષીય મુકેશ મુળજી ચૌધરી મળીને ચાર શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે. ચારેયની સઘન પૂછપરછમાં બહાર આવ્યું છે કે તેમને આ પેપર મનહરનો માણસ જયેશ નામનો શખ્સ પરીક્ષાના દિવસે સવારે આપવા આવ્યો હતો. લુણાવાડા વિસ્તારમાં રહેતો અને વડોદરા મહાનગર પાલિકામા સેનેટરી વિભાગમાં કરાર આધારે નોકરી કરતો યશપાલ જશવંતસિંહ સોલંકી નામનો શખ્સ આ પેપર લીક કૌભાંડનો મુખ્ય સૂત્રધાર હોવાનું પ્રાથમિક તપાસમાં ચારેયની પૂછપરછ દરમિયાન બહાર આવ્યું હોવાનું પોલીસનું કહેવું છે. પૂછપરછમાં એ પણ બહાર આવ્યું છે કે ૩૦મી તારીખે રાત્રે આ મુખ્ય સૂત્રધાર યશપાલ ફ્લાઈટમાં વડોદરાથી દિલ્હી ગયો હતો અને પેપર દિલ્હીથી લીક કરીને પરીક્ષાના એક દિવસ પહેલાં પહેલી તારીખે રાત્રે ફ્લાઈડમાં વડોદરા પરત આવ્યો હતો. ત્યારબાદ આ પેપરના તૈયાર કરાવેલા જવાબો જયેશ મારફતે ગાંધીનગર પહોંચતા કરવામાં આવ્યા હતા. નોંધનીય બાબત એ છે કે પકડાયેલા ચાર આરોપીઓ પૈકી બે આરોપીઓ ખુદ આ પરીક્ષાના ઉમેદવાર હતા. રૂપલ અને મુકેશ બંને લોકરક્ષક ની પરીક્ષા આપવાના હતા અને તેમનો પેપર લીક કરવામાં પણ મોટો ફાળો નીકળ્યો છે. તે ઉપરાંત જે પી એસ આઈ પકડાયા તેમણે પેપર લીક કરીને તેમના બે સંબંધી ઉમેદવારોને પહોંચતા કરવાના હતા. ગાંધીનગર પોલીસે ચારેય શખ્સોની ધરપકડ કરીને હાલની તપાસ દરમિયાન જે મુખ્ય સૂત્રધારનુ નામ બહાર આવ્યુ છે તેને પકડવા ટીમો કામે લગાડી દીધી છે. આ પેપર લીક કૌભાંડમાં બીજા કોના કોના નામો છે તે સહિતની ઝીણવટ ભરી તપાસ શરૂ કરવામાં આવી છે.

હિન્દુત્વ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હિન્દુત્વનો અર્થ શું છે, ગીતા શું કહે છે તે જ્ઞાન દરેકની સાથે છે. જ્ઞાન આપની ચારે બાજુ છે. દરેક જીવિત ચીજોની પાસે જ્ઞાન છે. અમારા વડાપ્રધાન કહે છે કે તેઓ હિન્દુ છે પરંતુ હિન્દુત્વની જડના સંદર્ભમાં તેમની પાસે કોઈ માહિતી નથી. રાહુલ ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે વિતેલા વર્ષોમાં સંતોએ ક્યારેય પણ એવો દાવો કર્યો ન હતો કે હિન્દુ અને હિન્દુત્વને લઈને તેમની પાસે પુરતી માહિતી છે. આ એકલા વિશાળ પ્રમાણમાં છે કે આના પુરા જ્ઞાનને સમજવા માટે વ્યક્તિની વાત નથી. જ્ઞાનના આ ભંડાર તેમની પાસે છે. તેઓએ ક્યારેય આવો દાવો કર્યો નથી. પરંતુ અમારા નામદાર આ પ્રકારના દાવા કરી શકે છે.

લકઝરીની હરાજી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંતે મામલો ધોંચમાં પડતા હરાજીના વાહન માલિકોને સોંપવામાં આવ્યા ન હતા. જયારે થોડા સમયમાં જ કમિશ્નર કક્ષાએથી આ હરાજીની પ્રકીયાને માન્ય રખાતા નવા માલિકોને આ વાહનો સોંપી દેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આર ટી ઓ કેચરી દ્વારા વિવિધ ગુન્હા હેઠળ ડિટેઈન કરેલી લકઝરી બસોની થોડા દિવસ અગાઈ હરાજી કરવામાં આવી હતી. વાહનો માટે ઓનલાઈન બીડ મંગાવાયા બાદ સ્થળ પર પણ વાહનોની બોલી બોલાવીને હરાજી કરવામાં આવી હતી. જેથી આ હરાજી પ્રકીયાના મામલે એક અરજદારે કમિશ્નર કચેરીમાં અરજી કરી હતી.આ મામલો વિભાગના કમિશ્નર સુધી પહોંચતા તેમણે ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા કરવામાં આવેલી હરાજી પ્રકીયાને માન્ય રાખી હતી. સરકારને લાખોની આવક કરી આપતી હરાજી પ્રકીયાને માન્ય રાખી ૬ વર્ષ જુના વાહનોનો પણ નિકાલ કર્યો છે. આ હરાજી પ્રકીયા દરમિયાન આર ટી ઓ કચેરીમાં છેલ્લા ૬ વર્ષથી પડી રહેલી લકઝરી બસોની બોલી લગાવામાં આવી હતી. વિવિધ ગુન્હા હેઠળ ડિટેઈન કરાયેલી આ પાંચ બસોની હરાજીની લીધે આર ટી ઓ કેચરીને રૂ ૧૧.૫૦ લાખની વધારાની આવક થઈ છે. જયારે લાંબા સમયથી આર ટી ઓ કેચરીના સાંકડા સંકુલમાં જગ્યા રોકીને પાર્ક કરાયેલી આ બસોને લકઝરીના માલિકો લઈ જવાના હોવાથી કચેરીના સંકુલમાં મોકળાશ વધશે. જયારે સંબંધિત ગુન્હા હેઠળ આ પાંચ લકઝરી બસના મુળ માલિક પાસેથી ગુન્હા હેઠળ દંડ વસુલી માટે પણ પ્રક્રિયા હાથ ધરાશે.

કાનૂની જંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કેસમાં એડીનશલ એડવોકેટ જનરલ પ્રકાશભાઈ, એડવોકેટ ઉપાધ્યાય તેમજ કોંગ્રેસ પક્ષ વતી યતીન ઓઝા અને ચાંપાનેરીએ દલીલો આરંભી હતી. જોકે દલીલો ચાલુ રહેતાં બુધવાર પર આગળ સુનાવણી ચાલશે. આ સુનાવણી સંપન્ન થયેથી ચુકાદો આવે તેવી શક્યતાઓ છે. વડી અદાલતમાં ચાલી રહેલ કાનૂની જંગને લઈ પળેપળની વિગતો મેળવવા માટે બન્ને પક્ષના આગેવાનોના ફોન સતત રણકતા રહ્યા હતા. બુધવારની મુદતના સમાચાર પણ વાયુવેગે નગરમાં પ્રસરી જવા પામ્યા હતા.

પત્ર લખાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાચાર મળ્યા કે પેપર લીક થઈ ગયું છે અને તમામ ઉમેદવારોએ પરીક્ષા આપ્યા વિના જ જતું રહેવાનું છે. આ સમાચારથી રાજ્યના એક જિલ્લામાંથી અન્ય જિલ્લામાં પરીક્ષા આપવા ગયેલા લાખો ઉમેદવારોના ભાવિ સાથે એક જ મિનિટમાં ચેડા થઈ ગયા હતા. આ ઉમેદવારો પાછલા કેટલાક મહિનાથી રાત-દિવસ એક કરીને પરીક્ષાની તૈયારી કરતા હતા, ત્યારે આ પ્રકારની ઘટનાથી લાખો ઉમેદવારોને આર્થિક અને માનસિક નુકસાન ભોગવવું પડ્યું છે. આ નુકસાન પાછળ કોણ જવાબદાર છે તે સ્પષ્ટતા કરવામાં આવે. પરીક્ષા કેન્દ્ર પર પહોંચેલા તમામ ઉમેદવારો ગરીબ પરિવારમાંથી આવે છે. જેઓ ટીકીટ માટેના પૈસા માંગીને પરીક્ષા આપવા આવ્યા હતા, ત્યારે તેમના ભવિષ્ય સાથે અચાનક જ ચેડા થઈ જાય તે કેટલા અંશે યોગ્ય છે. સરકાર દ્વારા અનેક તકેદારી રાખવા છતાં પેપર લીક થવાની ઘટના બને અને તેનો ભોગ ૯ લાખ જેટલા યુવાનોએ બનવું પડ્યું છે. જો એક પેપર ન સાચવી શકતા હોય તો જે તે વિભાગે અને જવાબદાર નેતા કે અધિકારીઓએ પોતાની ખુરશી છોડી દેવી જોઈએ એવી એક ઉમેદવાર તરીકે માંગ કરું છું અને ઉમેદવારોને નુકસાનીના વળતરમાં સરકારે લીધેલી ફી પરત કરવાની પણ માંગ છે. પીએમઓને લખાયેલા આ ફરિયાદરૂપી પત્રને લઈ હવે લોકરક્ષક દળના પેપર લીકનો મામલો અને તેને લઈને રાજકારણ ગરમાયું છે. આગામી દિવસોમાં તેના ઘેરા પ્રત્યાઘાત સામે આવી શકે છે.

રાજ્ય બહાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝડપી તપાસ ચાલી રહી છે. આ પેપર ક્યા રાજ્યમાં છપાયુંથી લઈ અન્ય પ્રશ્નો અંગે તેમણે તપાસ સાથે આ ગુપ્ત બાબત હોવાનું જણાવી જવાબ આપવાનું ટાળ્યું હતું. આ પેપર લીકમાં મુખ્યમંત્રી, રાજ્ય સરકારથી લઈ તમામ જવાબદારો સામે આરોપો લગાવવામાં આવી રહ્યા છે ત્યારે પ્રશ્ન એ થાય છે કે, ૯ લાખ જેટલા પેપર રાજ્ય બહાર છપાવવામાં આવ્યા હોય તો કેટલા દિવસ પહેલા અને કેવી રીતે ગુજરાત તેમજ પરીક્ષા કેન્દ્રોમાં પહોંચાડવામાં આવ્યા.? સ્ટ્રોંગ રૂમમાંથી કેટલા સમય પહેલા આ પેપર બહાર આવે છે. તેમજ મુખ્ય સુત્રધાર યશપાલે દિલ્હીમાંથી આ પેપર ક્યાંથી, કેવી રીતે અને કોની પાસેથી મેળવ્યું તે પણ તપાસનો મુખ્ય વિષય છે. કૌભાંડ